## વ્યતીતની માધુરી | મણિલાલ હ. પટેલ

[**'સુગંધનો સ્વાદ'** (પસંદગીના નિબંધો) : કિશોરસિંહ સોલંકી, ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., અમદાવાદ-મુંબઈ-૨, પ્ર. આ. ૨૦૦૯, પૃ. ૧૨૮, મૂલ્ય રૂ. ૧૦૦]

કિશોરસિંહ સોલંકી નિબંધકાર તરીકે હવે અજાણ્યા નથી. 'અરવલ્લી' નામની એમની નવલકથાથી હમણાં એ વધારે ચર્ચામાં રહ્યા છે. આ નવલકથા જેમ પ્રકૃતિનાં અનેક રૂપોને વર્ણવે છે એમ કિશોરસિંહનો નિબંધ એમનાં વતન-પ્રદેશનાં અનેક રૂપોને તથા વીતેલા વાસ્તવજીવનનાં અનેક સંસ્મરણને આલેખે છે. 'સુગંધનો સ્વાદ'માં એમણે એમના નિબંધોમાંથી કેટલાક વધુ ગમતા નિબંધો મૂક્યા છે. સુગંધ દેખાતી નથી પણ અનુભવાય છે, સ્વાદ પણ સંભળાતો નથી કે સ્વાદને અડી શકાતું નથી; હા, સ્વાદ પરખાય છે ને પ્રસન્નતા આપે છે. આ સુગંધનો અને સ્વાદનો થાળ પણ ઘણે અંશે પ્રસન્ન કરે છે.

ગામડું, ગામડાનાં કેટલાંક સ્થળો, ગામડાના પર્વો – તહેવારો કે એવા પ્રસંગો, પ્રકૃતિ, સીમવગડો, પાદર ઇત્યાદિને વાસ્તવની ભોંય ઉપર ઊભીને નિબંધકાર સહજ રીતે વર્ણવે છે. એમાં 'માટીનાં ઘર', 'ગામકૂવો', 'તળાવ', 'શેઢો', 'વીરડા', 'જૂઠણ', 'રાવણ', 'હોળી', 'મેળો', 'ગોકળઆઠમ', 'લગન', 'મરણ', 'પેંડારિયાં', 'નવું વરસ' તથા 'બૈરાં' જેવા નિબંધો વધુ ધ્યાનપાત્ર અને આસ્વાદ્ય છે. 'પેંડારિયાં' (ધણ ચરાવતાં છોકરાં – ગોવાળિયાં) જેવો નિબંધ તો ઉમાશંકર જોશીને પણ નવી ભાતનો અને રસાળ લાગ્યો હતો. ભવાઈના વેશોમાં 'જૂઠણ' અને 'રાવણ'ના વેશ વિશે લખ્યું છે એ પણ આપણી લોકપરંપરાને આબેહૂબ ઉપસાવી આપે છે. આ દસ્તાવેજીકરણ હોવા સાથે એમાં વ્યતીતની માધુરીનો અનુભવ થાય એવું રસાર્દ્ર આલેખન પણ મળે છે.

કિશોરસિંહના આ નિબંધો એમના આંતરલોકમાં સચવાયેલું ગ્રામજગત બતાવે છે. એ સ્થળકાળની આબોહવા, લેખકની કિશોર-માનસિકતા તથા વાસ્તવનાં વિભિન્ન રૂપો અહીં સર્જનાત્મક ગદ્યમાં ઝિલાયાં છે. નિબંધકાર જરાક નિરાંતે ને પાસે-સામે બેસાડીને પોતાનું સંવેદનવિશ્વ વાચકને-ભાવકને સહજ રીતે અને નિજી ભાતે વર્ણવી દેખાડે છે. બહુ વિસ્તાર કર્યા વિના સર્જક થોડા લસરકાઓમાં વીતેલી વેળાઓ અને વસ્તુઓ તથા એના અસલ પરિસરને ચિત્રિત કરી શક્યા છે. આ જમા પાસું !

'હૃદયના ઉંબરામાં ઊભેલું ઘર' (પૃ. ૧૦) નિબંધમાં પહેલા વરસાદનું નોખું આલેખન છે. ગામડામાં નળિયાંવાળાં ઘર અને બીજા પણ ઘણા પ્રશ્નો. એ બધાંમાં વરસાદ ખાબકે ત્યારે જે હલચલ મચી જાય છે એનું બહુપરિમાણી ચિત્રાંકન આ નિબંધનો વિશેષ છે. 'ઘર' કિશોરસિંહનું ઓબ્સેશન (વળગણ) છે. હમણાં પણ એમણે (ઉદ્દેશ : ૨૦૦૯ના અંકોમાં) 'ઘર' વિશે નિબંધશ્રેણી કરી છે... એ વળી જુદી રીતિ અને નોખી દૃષ્ટિથી થયેલું કાર્ય ઠરશે. 'માટીનાં ઘર' (પૃ. ૧૫) નિબંધમાં પણ વરસાદનો આનંદ વ્યક્ત થયો છે... અલબત્ત અહીં પરંપરાગત વિગતો થોડી વધુ સામાન્ય લાગે એમ મુકાઈ છે. દા.ત., ભીની માટીમાં ઘર ઘર રમવાની વાત જેવી ઘણી વિગત-પ્રવૃત્તિઓ. છતાં છલકાતો આનંદ અને જીવંત થઈ ઊઠતો માહોલ તો આજેય વાચકને ભીંજવી દેવા સમર્થ છે.

ઉનાળે તપેલી ધરતી પર પહેલો વરસાદ ઝપટાતાં જ માટી મીઠી સુગંધી છોડે છે ને નાકનાં ફોયણાં જ નહિ, આપણું આખેઆખું શરીર બલકે આયખું મઘમઘી ઊઠે છે ને ભીતરમાં કશીક કસક તથા ભરતી ઊઠે છે. 'સુગંધનો સ્વાદ'ના આ ચૂંટેલા નિબંધો પણ આપણી તનમનની ભોંય પર પહેલો વરસાદ બનીને, બધું જગવતા અનુભવાય છે. વીતેલો સમય એનો આખો ભાવલોક લઈને જાણે ફેણ માંડતોકને બેઠો થઈ જાય છે. 'પેંડારિયાં', 'કૂવાકાંઠો', 'જૂઠણ' તથા 'રાવણ' નિબંધો વાંચતાં આવો જ અનુભવ થાય છે. વ્યતીતનાં સ્મરણોમાં આપણને રમમાણ કરી દેતા આ નિબંધોમાં કલ્પનોની કે વધુ પડતાં અલંકરણોની ખચિતતા નથી... સર્જક સંડોવાઈને વાત કરે છે વાસ્તવજીવન તથા એમાં બનતી-ચાલતી પ્રવૃત્તિઓનું ટૂંકાં વાક્યોમાં નિરૂપણ થાય છે. કર્તા પોતે એમાં હાજર હોવાથી વાત વધુ રંગ પકડે છે... આ બધાંને કારણે આ નિબંધોની શૈલી થોડી જુદી પડી આવી છે. અહીં તત્સમતાનો ભાર નથી ને તળપદનો અતિરેક નથી. છતાં ગ્રામચેતનાનો અનુભવ કરાવતી ભાષારચનાનો વિશિષ્ટ સ્વાદ તરત જ પકડાય છે.

આપણા પ્રબુદ્ધ ભાવક શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે કિશોરસિંહના નિબંધોને 'સુગંધનો સ્વાદ' શીર્ષકથી ઓળખાવ્યા હતા. આ સંચયનું નામકરણ એમના એ શબ્દોથી થયું છે. એમનો પ્રતિભાવ આ નિબંધોને વધારે સારી રીતે ઓળખાવે છે. માટે નોંધીએ :

''લોકહૃદયની તળપદી બોલીનો મર્મ આ નિબંધોનું પ્રધાન લક્ષણ છે. વાક્યે વાક્યે ધરતીની સોડમ અનુભવાય છે. અને માત્ર ભાષા જ નહીં પણ ભાવ પણ હૃદયસ્પર્શી છે. લેખકના જગતમાં વ્યક્તિ સમષ્ટિમાં ભળી જાય છે – તેના એક અનિવાર્ય અંગ તરીકે જીવન જીવે અને માણે છે – તેનો સ્વ-અર્થ પોતાનામાં કે પોતાના પરિવારમાં સીમિત ન રહેતાં આડોશપાડોશમાં, મહોલ્લામાં, ગામમાં ને તેથીય વિશાળ સમાજ સુધી વિસ્તરતો જાય છે. તેમાંનું દરેક માણસ તેનું આપ્તજન છે, કુટુંબી છે. તેમાંના દરેકનું સુખ-દુઃખ પોતાનું સુખદુઃખ છે. અને તેવી જ રીતે પોતાનું સુખદુઃખ દરેકને ભાગે વહેંચીને ભોગવવાનું છે. સુખ વહેંચવાથી વધે છે, દુઃખ વહેંચવાથી ઘટે છે – આ નિયમ આજનો માનવી ભૂલતો જાય છે. તેને ફરીથી યાદ આપવાનું કામ લેખક કરે છે.''

('સુગંધનો સ્વાદ', પૃ. ૧૨૨)

આ નિબંધો વિશે પુનઃ આટલું જ કહેવું છે :

''દરેક માણસ ઓછેવત્તે અંશે અતીત સાથે સંલગ્ન હોય છે. માણસની સંવેદનશીલતા એને અતીત ને અનાગત સાથે જોડી રાખે છે, કેમકે માણસ વિચારશીલ પણ હોય છે. વર્તમાનની કોઈ નરવી ક્ષણ પણ વ્યતીત સાથે સંધિત હોવાની એટલે એનું આલેખન સહજ ગણાય. વ્યતીતરાગના આ લેખકોની ટીકા કરનારા જાતે બની બેઠેલા ઉચ્ચભ્રૂ વિવેચકોને પરોક્ષ રીતે જવાબ આપતાં જયંત પાઠક કહે છે : 'સર્જનમાં જ્યારે અતીતરાગી નિરૂપણ થાય છે ત્યારે એ અતીતરાગ કલાસર્જનની રચનાસામગ્રી તરીકે આવે છે ને કલાકૃતિની રસનિષ્પત્તિનું કારણ તેમજ રસનું અધિષ્ઠાન બને છે. આથી અતીતનું બધું અનુકૂલ વેદનીય એટલે કે, સુખદ લાગે છે. આમ રસાનુભવની દૃષ્ટિએ જોઈએ તો અતીત વિશેનાં સંવેદનો કલામાં Nostalgicના ખ્યાલથી કશુંક બીજું વધારે છે એમ સમજાય છે.' ('તરુરાગ અને નિદીસૂક્ત', પૃ. ૬) ભાવકને ઘણી વખતે સામગ્રી અને એના રસાળ નિરૂપણમાં રસ પડતો હોય છે.'' (એજન : પૃ. ૧૨૪) એ અહીં સિદ્ધ થાય છે.